# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade "B" by NAAC(4rd Cycle)

જોડાણ વિભાગ,યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૨૧૪ / ફેક્સ નં. : (૦૨૮૧) ૨૫૭૬૩૪૭

ઈ-મેઈલ : affiliation@sauuni.ac.in


નં જોડાણ/૫/ ૩૧૭ /૨૦૨૧ — તા. ૪-૦૬-૨૦૨૧

**વિષય :- વર્ષ ૨૨-૨૩ માટે જોડાણ અરજી કરવા બાબત.**

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે અત્રેની યુનિવર્સિટીના ઓર્ડીનન્સ ૧૪૪ ની જોગવાઈ મુજબ માહે જુન – ૨૦૨૨થી આગળના વર્ષના નવું/ચાલુ/વધારાના/કાયમી જોડાણ માટે નિયત ફી સાથે, નિયત તારીખ સુધીમાં જરૂરી ફી સાથે અરજી નીચેના મુદ્દાઓ ધ્યાને લઇ કરવાની રહેશે.

૧. સલંગ્ન જે તે કોલેજની ચાલુ તથા વધારાના જોડાણની મુદત તા.૧૪-૬-૨૦૨૨ ના રોજ પૂરી થતી હોય તેવી કોલેજના આચાર્યશ્રીએ ઓર્ડીનન્સમાં દર્શાવ્યા મુજબની મુદતમાં જોડાણ મેળવવા માટે નિયત અરજીપત્રકના પ્રોફોર્મા મુજબ સંપૂર્ણ વિગતો નિયત ફી સાથે અરજી કરવાની રહેશે.

૨. જે – તે કોલેજે હાલમાં ક્યા-ક્યા અભ્યાસક્રમોનું કાયમી/ચાલુ/વધારાનું જોડાણ કઈ મુદત સુધી મળેલ છે તેની વિગતો જોડાણ અરજીમાં દર્શાવવાની રહેશે.

૩. જે – તે કોલેજે અગાઉના વર્ષમાં નવા/વધારાના/ચાલુ જોડાણ મેળવવા અરજી કરેલ છે તથા કોઈ વિષય/અભ્યાસક્રમની યુનિવર્સિટી દ્વારા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરેલ હોવા છતાં રાજ્ય સરકારશ્રીની સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી મળેલ ન હોવાના કારણે તે વિષય/અભ્યાસક્રમ શીખવવાનો શરુ કરવામાં આવેલ ન હોય તો તેની પણ વિગતો અરજીમાં દર્શાવવાની રહેશે.

૪. કોલેજ દ્વારા ક્યા ક્યા અભ્યાસક્રમો/વિષયો માટે જોડાણની અરજી કરેલ છે તે અરજીમાં સ્પષ્ટ પણે દર્શાવવાની રહેશે.

૫. કોલેજોના આચાર્યશ્રીઓએ જોડાણ અરજીમાં દર્શાવેલ અભ્યાસક્રમો/વિષયો(મુખ્ય/ગૌણ) તેમજ જોડાણના પ્રકારની જાતે ચકાસણી કરી જરૂરી ફી સાથે સમય મર્યાદામાં જોડાણ અરજી કરી તેની પાંચ નકલ યુનિવર્સિટીને મોકલી આપવાની રહેશે.

૬. ઓર્ડીનન્સ – ૧૪૪ મુજબ જોડાણ અરજી કરવાની સમય મર્યાદા નીચે મુજબ છે.

| ક્રમ | જોડાણ અરજી કરવાની છેલ્લી તારીખ | લેઈટ ફી સાથે અરજી કરવાની છેલ્લી તારીખ | લેઈટ ફી + પેનલ્ટી ફી સાથે અરજી કરવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| ૧ | ૩૧ – ઓગસ્ટ<br>-ચાલુ/વધારાનું /કાયમી | ૩૦ – સપ્ટેમ્બર | ૩૧- ઓક્ટોબર |
| ૨ | ૩૦ જુન<br>-નવું | ૩૧ – જુલાઈ | ૩૧- ઓક્ટોબર |

૭. AICTE, NCTE, MCI વગેરે જેવી વૈદ્યાનિક સંસ્થાઓએ પણ વધારાના,ચાલુ,કાયમી જોડાણની અરજી કરવાની છેલ્લી તારીખ ક્રમ – ૬ મુજબ રહેશે.

૮. સંલગ્ન કોલેજની જોડાણ અરજી નિયત સમયમાં કરવાની રહેશે. જો સંસ્થા દ્વારા અરજી નહિ કરવામાં આવે તો માહે જુન – ૨૦૨૨ થી આગળના વર્ષના જોડાણો મેળવવાં માંગતા નથી તેમ માની જોડાણ રદ કરવા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૯. સિન્ડીકેટ તા. ૧૦-૬-૨૦૧૯ ની સભાના ઠરાવ નં. ૩૭ થી નીડ કમિટીનો અહેવાલ સ્વીકારવામાં આવેલ છે. નીડ કમિટીના અહેવાલની ભલામણ અનુસાર આર્ટસ અને કોમર્સના અભ્યાસક્રમોના સલંગ્ન કોલેજોમાં નવા જોડાણની કે નવી કોલેજની અરજીઓ સ્વીકારવામાં નહિ આવે.

૧૦. સલંગ્ન કોલેજોના નવું/વધારાના/ચાલુ જોડાણના ઠરાવ અનુસાર જે કોલેજો એ શરત પરિપાલન અને નમુનો અ અને બ ના આધારો સાથે પૂર્તતા કરવામાં આવેલ નથી તેવો કોલેજોએ સત્વરે પૂર્તતા કરવાની રહેશે તેમજ જે કોલેજોએ આચાર્ય , ગ્રંથપાલ, પી.ટી.આઈ. અને ઘટતા શૈક્ષણિક સ્ટાફની નિમણુંક કરવાની રહેશે. તેમ કરવામાં નિષ્ફળ જનાર કોલેજો સામે યુનિવર્સિટી દ્વારા જે પગલા લેવામાં આવે તે કોલેજના આચાર્યશ્રી/સંચાલકશ્રીને બંધન કર્તા રહેશે. જેની ખાસ નોંધ લેવા વિનંતી.

(મુસદો કુલસચિવશ્રીએ મંજુર કરેલ છે.)

સહી/-
(ડૉ. જતીન સોની )
કુલસચિવ
રવાના કર્યું

નાયબ કુલસચિવ
જોડાણ વિભાગ

પ્રતિ,

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ

નકલ સાદર રવાના:-

૧. માન.કુલપતિશ્રી/માન.ઉપકુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-

૧. કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ ...)